**અમદાવાદના મહે.સાતમા અધિક સીવીલ જજ તથા જે.એમ.એફ.સી.ની કોર્ટમાં, અમદાવાદ (ગ્રામ્ય),**

**ફોજદારી કેસ નંબર – ૯૧૩૫/ ૨૦૨૨**

**આંક:–**

ફરીયાદ :– શ્રી સરકાર

**// વિરુધ્ધ//**

આરોપી :– ઉમંગભાઈ કનુભાઈ દંતાણી

બાબત :– ગુજરાત નશાબંધી અધિનિયમની ની કલમ ૬૫ એ એ

---

**//ચુ કા દો//**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપી સામે ગુજરાત નશાબંધી અધિનિયમની ની કલમ ૬૫એએ મુજબ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે અને ચાર્જરીટને ફોજદારી કેસ નંબર આપવામા આવેલ.

(૨) આરોપી ને સમન્સ કરતા કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા ગુના કબુલાત અંગે પુછતા તેઓ ગુનાની કબુલાત કરતા હોઈ તેઓની ગુના ની કબુલાત પુરસીસ રેકર્ડ કરી અને તેમાં તેઓએ જણાવેલ છે કે,તેઓને ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે. તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે.આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીની કબુલાત કરતા હોય અનેઆરોપીના ઉપરોકત સંજોગો જોતાં દોષિત ઠરાવી અને આરોપી દંડની સજા કરવી વાજબી જણાતી હોય ન્યાયના હિતમા નીચે મુજબ હુકમ કરૂ છું.

**//હુ ક મ//**

(૧) દરેક આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૨ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની ની કલમ ૬૫એએ અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી દરેક આરોપી ને રૂપિયા ૧૦૦/– (શબ્દોમા રૂપીયા સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન – ૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ કીંમતી મુદ્દામાલ વચગાળાની કસ્ટડી તરીકે સોપવાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે બીનશરતી કાયમી કરવામાં આવે છે અને જો વચગાળાની કસ્ટડી તરીકે સોપવાનો હુકમ કરેલ ના હોય તો ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૪૫૨ અન્વયે અરજી કરે થી હકદાર વ્યક્તિને સોંપી આપવો. વધુમાં બીન કીંમતી મુદ્દામાલનો અપીલ સમય વીતેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ:–૧૪મી, માહે:–ડીસેમ્બર, સને:–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ:– ૧૪/૧૨/૨૦૨૪

સ્થળ :– અમદાવાદ

**( ડો.પૂર્વી કૌશિકભાઈ પંડયા )**
સાતમા અધિક જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
નવરંગપુરા, અમદાવાદ (ગ્રામ્ય)
કોડ નં.જી.જે.૦૧૩૯૮